ISSN: 2349-6002

# નૈષધરાય: એક અભ્યાસ

વોરા નિકિતાબેન ભરતભાઈ

doi.org/10.64643/IJIRTV12I8-191408-459

## INTRODUCTION

ચિનુ મોદીએ મહાભારતના નલોપાખ્યાન આધારે ‘બાહુક’ નામની કાવ્યકૃતિનું સર્જન કર્યું છે. આ ‘બાહુક’નું તેમણે સ્વરૂપ પરિવર્તન કરીને ‘નૈષધરાય’ નાટકને જન્મ આપ્યો છે. લેખકે નાટકમાં પોતાની રીતે ફેરફારો કરીને નાટકને નવો આયામ આપ્યો છે. મૂળ તો, મહાભારતના વનપર્વના વસ્તુ આધારિત મીથનું સંયોજન કરી માનવીય ગુણને અને મહત્વાકાંક્ષાને આલેખવાનો પ્રયત્ન કર્યો છે. આ નાટક કેટલા અંશે સફળ ગયું અને પાઠકો- પ્રેક્ષકો પર કેવો પ્રભાવ પડ્યો, તે સંદર્ભે લેખકના વિચારો જોઈએ :

“અર્વાચીન ગુજરાતી કવિતા સાહિત્યમાં ખંડકાવ્યના સ્વરૂપની અવતારણાએ ખ્યાત કથાનકમાં વિશેષ સૂક્ષ્મતા ઉમેરાઈ. કળાનું પાસું મજબૂત કરવામાં કાન્ત બે નાટક હું લખી જ શક્યો: ‘ઔરંગઝેબ’ અને ‘બાહુક’. આ બેય વિશે React થવાનું મનમાં ૧૯૭૭માં જ નક્કી થયેલું. પરંતુ, ડિપાર્ટમેન્ટ ઓફ કલ્ચર, દિલ્હીની ફેલોશિપ મુ. શ્રી ઉમાશંકર જોશીના નેજા હેઠળ મને મળી અને મે દીર્ઘકાવ્ય ‘બાહુક’ લખ્યું. પરંતુ, એનાથી મને સંતોષ ન થયો અને સ્વતંત્ર રીતે “નૈષધરાય” નાટક લખ્યું અને ભજવ્યું. એનો વડોદરા ખાતે પ્રયોગ સૌ કોઈને ગમ્યો. મહાભારત દ્વારા ખ્યાત બનેલા આ કથાનક પરથી કાવ્ય કરવું, એ અલગ શિસ્તની અપેક્ષા રાખતું હતું, જ્યારે નાટક લખવા જુદીજ શિસ્ત મારી પાસે માંગતુ હતું.”[૧]

નાટકના પ્રથમ અંકના પ્રથમ દ્રશ્યમાં શરૂઆતમાં જ દાંડી પીટતાની સાથે સત્તા પરિવર્તનની ઘોષણા થાય છે. અત્યાર સુધી નૈષધનગરીમાં વિરસેનસુત નળનું શાસન હતું પરંતુ પુષ્કરે નળને દ્યૂતમાં હરાવ્યો છે તેથી હવે પુષ્કર ગાદી પર આવ્યો. નળ પોતાનું સર્વસ્વ પુષ્કરને આપીને દમયંતીની સાથે નૈષધનગરી ત્યાગી વનગમન કરવાના છે. નળ દ્યૂતમાં પરાસ્ત થયા છે તે વાત પ્રજાને વિશ્વાસ આવતો જ નથી. નળ રાજમાર્ગ પરથી પસાર થાય ત્યારે પુષ્કરના આદેશ મુજબ કોઈ નગરજને એમનું પુષ્પ કે સ્મિત સુદ્ધાંથી એમનું સન્માન કરવાનું નથી. જો એમનું આદર કરશે તો રાજા પુષ્કરનો અનાદર લેખાશે અને તે આકરો દંડ પામશે.

બીજા દ્રશ્યમાં નિષધનગરીના પાદરે નળ અને દમયંતી ઊભા છે. નળને પોતાના પ્રાણથીય વધારે વહાલી નિષધનગરી સાથે જન્મથી લોહીનો નાતો છે તેને ત્યજવી તેને માટે બહુ દુખદાયક છે. તેથી તે પોતાની આંખોથી નિષધનગરીના પ્રાસાદો, પ્રાસાદોની અટ્ટાલિકાઓ, એ અટ્ટાલિકાઓમાં પ્રતિક્ષારત આંખો, અમને જોતાં જ સ્નેહ વરસાવતી – આદર આપતી અમારી પ્રજાની અમી દ્રષ્ટિ ને મનભરીને એકવાર જોઈ લેવા ચાહે છે. અહીં દમયંતીના સ્વગતરૂપે નળની માનસિક સ્થિતિ પ્રગટ થાય છે:

“હે નિષધનગરી! સાંજે બંદીવાન થવાના ભયને અતિક્રમી રૂપલુબ્ધ ભ્રમર પુષ્પમુક્ત થવા ઇચ્છતો નથી તેવી સ્થિતિ, તારા ઉત્તુંગ પ્રાસાદો, વિશાળ રાજમાર્ગો, સુવાસિત પુષ્પવાટિકાઓ અને સમૃદ્ધિને લઈને અમારા

 ISSN: 2349-6002

નાથની થઈ છે? રંક થયેલા પુરુષને જે રીતે વારાંગના ઘરબહાર ફેંકી દે છે, એમ હે નગરી ! તેં અમારા નાથને તારાથી દૂર ફેંકી દીધો છે અને છતાં વારાંગનારત પુરુષ જારદ્વારથી દૂર થવા ન ઇચ્છે એ બહુમાન કરવાને યોગ્ય પ્રીતિ છે કે ઘૃણ્ય આશક્તિ? હે દિશાઓના દેવો, મને ઉત્તર આપો : અમારા નાથની આ ઘૃણ્ય આશક્તિ છે કે બહુમાનતુલ્ય પ્રીતિ?"[૨]

ત્રીજા દ્રશ્યમાં ખલનાયક કળી અને નળનો સંવાદ દર્શાવ્યો છે. આ દ્રશ્યમાં કાવ્યત્મક્તા અને નાટ્યાત્મકતા જોવા મળે છે. અહીં કળીના પગલાં અને હસવાના અવાજથી નળ ભયભીત થાય છે. કળી નળને અહી હેરાન કરવા આવ્યો છે. કળી નળ સમક્ષ પ્રગટ થાય છે, નળ સમયના દેવતાને નમન કરે છે ત્યારે કળી તેને ધરાશાયી કરી દેવાનો ભય બતાવે છે. નળ આ ક્રોધનું કારણ પૂછે છે ત્યારે કળી તાલી પાડી પુષ્કરને બોલાવે છે, પુષ્કરે અનુભવેલી વેદના, વલોપાત ફરીથી બતાવે છે અને જે વેદના-વલોપાત નળ પણ અનુભવે છે. લેખક અહી ફ્લેશબેક કરીને પુષ્કર નળ પ્રત્યેનો દ્વેષ દર્શાવે છે. પુષ્કર એ નળનો ભાઈ છે. પુષ્કર એ મહાન યોદ્ધો છે. તે અહંભાવી અને ઈર્ષાળુ છે. નગરીના આબાલ-વૃદ્ધ સૌ કોઈ નળની પ્રશંસા અને તેના ગુણ ગાય છે. પુષ્કરથી નળની કીર્તિ, તેનું માન-સન્માન આ બધું સાંખી શકાતું નથી. તેને નળની ઈર્ષા થાય છે. તે નળનું સર્વસ્વ પડાવી લેવા માંગે છે. તે પોતાની જ પાપાગ્નિ દાઝ્યા કરે છે. નળની યશકીર્તિ જ પુષ્કરની ઈર્ષાનું મૂળ કારણ છે. પોતાના પિતાની સાથે આ બધું ત્યાગીને વનમાં જવા ઈચ્છે છે. નળ આવતા જ પોતે બધું સત્ય કહી વનગમન કરવાની ઈચ્છા પ્રગટ કરે છે. નળ સંપૂર્ણ વાત જાણીને પોતાના ભાઈ પ્રત્યે અપાર પ્રેમ દર્શાવી, રાજગાદી આપી અને તેની સેવા કરવા માટે તૈયાર થઈ જાય છે. અહીં નળને સામ્રાજ્ય ભોગવવાની લાલસા નથી. છેલ્લે નળ અપકીર્તિ પણ પામવા તૈયાર થઇ જાય છે ત્યારે તે વધારે બળશે એમ જણાવે છે. પોતે દેશવટો લેવા મક્કમ છે તે દર્શાવવા અને પોતાની ઈર્ષાનો અગ્નિ કેટલો તેજ છે, "મને જાગેલી ઈર્ષા આ નગર, આ રાજ્ય, આપને, આપણાં લોહીના સબંધને લાંછન આપે એ પહેલા મારે સૌ ત્યજી દેવું છે. ઈર્ષાના પાપાગ્નિમાં મને એકલાનેજ બળવા દો, ભાઈ."[૩] પુષ્કર પોતાને જાતદ્રોહી ગણાવી વન પ્રસ્થાન કરે છે. નળ પુષ્કરને રોકવાના ઘણાં પ્રયત્ન કરે છે પણ તે અટકતો નથી. પુષ્કર બધુ જાણતો હોવા છતાં પણ દુર્યોધન પેઠે ધર્મનું જ્ઞાન હોવા છતાં પણ તેને સ્વીકારી શકતો નથી અને અધર્મનું જ્ઞાન પણ છે છતાં તેને ત્યાગી શકતો નથી. પિતાજી પોતાને દોષિત ના સમજે એમ પ્રાર્થના કરતો નળ રડી પડે છે. કળી ફ્લેશબેકથી ફરી પ્રગટ થઈ પુષ્કરને આ પીડા નળના કારણે સહન કરવી પડી એમ જણાવે છે. કળીનો સંવાદ આધુનિક સંદર્ભ દર્શાવે છે. તે નળને કહે છે – " તે એટલો મોટો કીર્તિપ્રસાદ બાંધ્યો કે પુષ્કરનો મોટો આવાસ પણ તુચ્છ દેખાયો. વિકસીએ, પણ એવું ન વિકસીએ કે આપણી ઘટાદાર છાયામાં આપણો નિકટનો સ્વજન જ ઢંકાઈ જાય...મોટેરાંએ નાનાનો વિચાર કરવો જ રહે..."[૪]

નળને નિષધનગરી છોડવી સહેલી નહોતી. નળ માટે માત્ર શાસન જ પ્રિય નહોતું પરંતુ તેને મન તો નિષધનગરી અને પ્રજા તેના માટે સઘળાં હતા. તેને દમયંતી કરતાં પણ નિષધનગરી વધુ વહાલી હતી. તે નગરીના દ્વારથી બધું જોવે છે અને તેની સાથે જોડાયેલા સંસ્મરણોને યાદ કરતાં તેને નગરી છોડવાનું મન નથી થતું. પુષ્કરની આજ્ઞાના કારણે નળને કોઈ વિદાય આપવા પણ આવતું નથી આ જોઈને તેને વધુ વેદના થાય છે. નળનો નગરવિચ્છેદ, તે દ્વારા તેના અંતરમનની વેદના નાટ્યાત્મક બની રહે છે. લેખકનો આશય પણ એ જ છે. 'બાહુક'ને બદલે 'નૈષધરાય' શીર્ષકનો આશય એ વાતની સાક્ષી પૂરે છે. સતીશ વ્યાસ આ વાતનું સમર્થન આપતા કહે છે કે,

"ચિનુ મોદી અહીં દમયંતી વિરહ નહીં, પરંતુ નિષધ નગરવિરહ કેન્દ્રસ્થાને અને એ વિરહગ્રસ્ત અને

 ISSN: 2349-6002

વિરહત્રસ્ત નળ વ્યક્તિત્વવિલોપનની વેદના કેવી તીવ્રતાથી અનુભવે છે એ સર્જક તરીકે ચિનુ મોદીનો રસનો વિષય બને છે.આ નાટ્યરચનાનું શીર્ષક 'બાહુક' રાખવાને બદલે નૈષધરાય રાખાયું છે એ પણ આ ઉચિત છે."[૫] ચિનુ મોદીનું ના.સા. પૃ. ૧૩૮

ચોથું દ્રશ્ય નાટકનું સૌથી લાંબુ દ્રશ્ય છે. પ્રથમના ત્રણેય દ્રશ્ય એક જ દિવસના છે જયારે ચોથું દ્રશ્ય રાત્રિના સમયનું છે. આ દ્રશ્યમાં કવિરાજ ગુપ્તવેશે આવીને નળને કહે છે કે નિષધનગરનું સૈન્ય, મંત્રીમંડળ અને પ્રજા તમારી સાથે છે અને પુષ્કર સામે વિદ્રોહ કરી તેને (નળ)ને પુન:રાજા બનાવવા તત્પર છે. નીતિવસ્તલ નળ છળ-કપટથી રાજ્ય અસ્વીકાર કરી દે છે ત્યારે કવિરાજ પુષ્કરના પાસામાં કળી પ્રવેશવાના કારણે પુષ્કરની જીત થઈ હતી. આમ કવિરાજ નળને સમજાવે છે પણ તે રાજ્ય પ્રાપ્ત કરવા માટે માનતો નથી. નળને આ બધી વાતની ખબર છે પણ સાથે પોતે એ પણ સ્વીકારે છે કે જ્યારે માણસની મર્યાદા પ્રગટ થાય છે ત્યારે મર્યાદાના કાણાંમાથી કળી અવશ્ય પ્રવેશી જાય છે. નળે પોતાનું સત્ ગુમાવી દીધું છે તેથી તે સત્ વગર રાજગાદી પર ન બેસી શકાય એમ માને છે. અહીં નળમાં રહેલી ન્યાયપ્રિયતા અને સિદ્ધાંતવાદિતાના દર્શન થાય છે.

કવિરાજના ગયા બાદ નળની પાસે ફરી ધર્મ આવે છે. નળે દ્યૂત રમીને તેને ગુમાવી બેઠો હતો. ધર્મ નળને સમજાવે છે પરંતુ નળ માનતો નથી તેથી ધર્મ આચારદોષથી ભ્રષ્ટ નળના વિચારને કારણે તેને ત્યજી દે છે. નળ દ્યુતમાં મળતાં રોમાંચ અને કુતૂહલના ક્ષણિક અનુભવ માટે તે ધર્મ છોડવા તૈયાર થઈ જાય છે. ધર્મના ગયા પછી કીર્તિ આવે છે. તે પણ નળને સમજાવે છે ક્યાં ધર્મ ત્યાં કીર્તિ તેથી તે પણ નળને છોડીને જતી રહે છે. કીર્તિના ગયા બાદ લક્ષ્મી આવે છે. લક્ષ્મી દ્યૂત રમ્યાનો પસ્તાવો કરી તેને અનિષ્ટ-પાપ ગણાવવાનું કહે છે. પરંતુ નળ તેને પાપ ગણતો નથી એમ વિષ્ણુપ્રિયા લક્ષ્મીની આજ્ઞાનો અસ્વીકાર કરે છે. લક્ષ્મી નળના તેના દુષ્ટ વિચારને દૂર કરવા તેને ભવિષ્યમાં થનારી દુર્દશાના દર્શન કરાવે છે. અહીં માછલીના પ્રસંગનું નિરૂપણ થયું છે. નળ- દમયંતી ત્રણ-ત્રણ દિવસથી અન્નનો એક કણ પામ્યા નથી. એમાં પણ વિપરીત થયેલા કળીએ નળ-દમયંતી જ્યાં જ્યાં પસાર થવાના છે ત્યાં સૌ તરુવરને ફળરહિત કરી મૂક્યા છે. વહેતા પાણીનો અવાજ સાંભળતા જ દમયંતી નજીકમાં જ પાણી હોવાનું જણાવે છે. નળ માછલી પકડવા પાણીમાં ઉતરે છે. માછલી પકડીને નળ દમયંતીને આપે છે અને વધુ માછલી પકડવા તે ઊંડા પાણીમાં જાય છે. તે માછલી દમયંતીના અમૃતસ્ત્રવતા હાથમાં આવતાવેત તે માછલાં સજીવન થઈ કૂદીને પાછા જળમાં પડે છે. નળ ખાલી હાથે આવે છે આવીને જોતાં દમયંતિ એકલી માછલાં ખાય ગઇ એવો આરોપ લગાવે છે. દમયંતી ચાર દેવતાઓએ આપેલા વરદાનની વાત કરે છે પણ નળ તેની વાત અસ્વીકારે છે અને ઊલટાનું દમયંતિ જેવી સતી સ્ત્રીને અપશબ્દો કહે છે અને પિતૃગૃહે વિદર્ભ ચાલ્યા જવાનું કહે છે. અહીં દમયંતીને મળેલુ વરદાન અભિશાપ બની જાય છે. અહીં નળ તેના મિત્રહંસએ આપેલી બે ચેતાવનીને યાદ કરે છે કદી દ્યૂત ન રમવું અને ક્યારેય સ્ત્રી પર વિશ્વાસ ન કરવો એ બંને ચેતાવની સાર્થક થતી દેખાય છે. રસ્તામાં ચાલતાં ચાલતાં દમયંતિ આકાશમાં ઉડતા પક્ષીને જોવે છે અને પોતાના સ્વામી નળને તેને પકડવાનું કહે છે. ત્યારે નળ પોતાના શરીર પર એક વસ્ત્રને કાઢીને તેનો પાશ બનાવી પક્ષી પર ફેંકે છે. તે પક્ષી વસ્ત્ર લઈને ઊડી ગયું અને નળ નગ્ન થઇ જાય છે. દમયંતી પાસે મા સમાન નજરે જોઈને અર્ધું વસ્ત્ર માંગે છે અને પોતાનો નિર્વસ્ત્ર દેહ ઢાંકે છે.

નળ-દમયંતીના વિચ્છેદનું દ્રશ્ય આકાર પામે છે. મહાભારતના વનપર્વના એક પ્રસંગ પ્રમાણે કળીને દમયંતીને વરવું હતું પણ દમયંતી નળને વરે છે તેનું

વેર વાળવા દમયંતી જેવી સતી પર કળી પોતાનો વિરૂપ પડછાયો પાડવા જાય છે ત્યાં વીજળીના કડાકા સાથે તેને ભાન થાય છે કે “આ તો સતી છે, સ્વનું દમણ કરી જેને પોતાની જાતને અગ્નિથી પણ વિશેષ પવિત્ર અને એથી દઝાડનાર બનાવી છે તે દમયંતી છે. એના ઉપર હું પડછાયો પાડીશ તો પણ આ વીજળી મને બાળીને ખાખ કરશે.”[૬] ત્યારબાદ કળી નળમાં પ્રવેશવા જાય છે ત્યાં ફરી વીજળીનો કડાકો થાય છે ત્યારે કળી માફી માંગતો હું તારા સતીત્વ પાસે હાર્યો હોવાનું કહી લજ્જિત થઈને ત્યાથી ચાલ્યો જાય છે.

લક્ષ્મીનું ઘણું સમજાવ્યા બાદ નળ દ્યૂત રમવાની ઇચ્છાને છોડી શકતો નથી. નળ સતી જેવી સ્ત્રી દમયંતીને છોડવા તૈયાર થઈ જાય છે. તેની બુદ્ધિ ભ્રમિત થઈ ગઇ છે. તેણે દમયંતીને પારાવાર દુઃખ દીધા છે, અપશબ્દો કહ્યા છે હવે તેને દુઃખી ના થાય એમ વિચારી નળ નિદ્રાધીન દમયંતીને વનમાં એકલી મૂકી ચાલ્યો છે. લક્ષ્મી વૈદર્ભિ વિચ્છેદ બતાવ્યા બાદ નલને પોતાનું રૂપ ખોવાનો બતાવે છે. દમયંતીને છોડ્યા બાદ તે વનમાં કર્કોટક નાગને આગમાં બળતો જોવે છે. નાગ નળને બચાવવાની વિનંતી કરે છે કે તેને શાપમાંથી મુક્તિ અપાવે અને હવેથી એ કોઈ જીવને હણશે નહીં. નળ કર્કોટકને બચાવી લે છે. ત્યાં જ નાગના કહ્યા મુજબ એકથી દશ ગણતા કર્કોટક નળને ડંખે છે. ડંસવું એ સાપની પ્રકૃતિ હોય છે. ડંસવાની સાથે તે જણાવે છે કે તેનું ઝેર નળને મારશે નહીં પરંતુ તેને વિરૂપ બનાવી દેશે. અહિયાં નળ પોતાનું રૂપ ખોઈ બેસી બાહુક થઈ જાય છે. સાથે આનો ઉપાય પણ જણાવે છે કે જે ક્ષણે નળ પોતાનું સત્વ મેળવશે ત્યારે તે હતો એવો જ થઈ જશે. નળ આ બધું સ્વીકારી લે છે. ત્યારે ધર્મ અને લક્ષ્મી આવીને સમજાવે છે, ત્યથી જતો અટકાવે છે, તે દોડતાં દોડતાં તેણે સૌ સંબંધ ત્યજી દીધા છે. રાજામાંથી સામાન્ય માનવી બનવાની, નળમાંથી અ-નળ બનવાની ઈચ્છા, પ્રયત્નને ઊઠાવ આપવા માટે સર્જકનું કવિત્વનું પૂર્ણપણે અહીં ખપમાં લાગે છે, જુઓ :

“નલ-અ-નલ થવા નીકળ્યો તે નીકળ્યો છે સૈકાથી...
બાહુકપણું હજી ના છૂટયું,છૂંટ્યું ના સૈકાથી.
સૈકાઓ લગ લંબાયેલી, સૈકા લગ લંબાશે-
બાહુકથી નળની સીમા શું નહીં ક્યારે અંબાશે ?
રહેવા દો, રહેવા દો, વહાલા, ભેદભરમ ના ખોલો
નલ અનલ થવા નીકળ્યો તે નીકળ્યો છે એ સાચ્ચું-
બાકી પાકું કશું નહીં સૌ જીવતર જેવુ કાચ્ચું-”[૭]

નળ અત્યાર સુધી રાજા હતો. તેથી તેને સમયને આધીન વર્તન-વ્યવહાર કરવો પડતો હતો. રાજા તરીકેના નીતિ-નિયમો-આચારો અને એક જ ઘરેડમાં જીવાતા જીવનથી ત્રસ્ત થઈ ગયો હતો તેથી તે રોજિંદી ઘટમાળમાંથી બહાર નીકળી તથા રાજવી પદના જડ ચોકઠાને તોડીને તે સામાન્ય માનવીની જિંદગી જીવવા માંગે છે. દ્યૂત રમતી વખતે થયેલ રોમાંચ અને કુતૂહલ હજી સુધી તે ભૂલ્યો નથી. આ દ્યૂત જ તે એક મનુષ્ય છે તેની પ્રતીતિ કરાવે છે. અહીં નળનું પાત્ર આજના નગરયંત્રની સંસ્કૃતિમાં જીવતા માનવીનું પ્રતિક છે. આજનો નગરયંત્રની સંસ્કૃતિમાં જીવતો માનવી નિતાય આચારો અને એક જ ઘરેડમાં જીવતા જીવનમાં માનવસહજ ઉર્મિ-સંવેદનો ગુમાવી બેઠો છે. મહોરું પહેરીને જીવતા આધુનિક આધુનિક મનુષ્યનું આંતરજગત અત્યંત બોદું-ખોખલું બની ગયું છે.

દમયંતીનું નારીત્વ પ્રગટ થાય છે. મત્સ્ય પ્રસંગે દમયંતીનું પાત્ર ખીલી ઊઠે છે. નળ માછલાં પકડીને દમયંતિને આપે છે. દમયંતીના અમૃતસ્ત્રવતા હાથમાં આવતા જ તે સજીવન થઈ પાછા જળમાં કૂદી પડે છે. સ્વયંવર વખતે મળેલું વરદાન તેને અભિશાપ લાગે છે. એવું વિચારે છે કે આથી તો સામાન્ય હાથ હોત તો સારું થાત. અહીં વરદાન જ અભિશાપ જ બને એ પણ જોવા મળે છે. દમયંતી સતી સ્ત્રી છે. તેથી કળી પોતાનો વિરૂપ પડછાયો તેના પર પડી શકતો નથી. તે નળને ખૂબ પ્રેમ

કરે છે. પતિ નળ માટે ગમે તેવા કષ્ટ પડે એ સહન કરે છે. નળ નિષધનગરી ત્યાગ કરે છે ત્યારે તેની વેદના જોઈને પોતે પણ દુખી થાય છે અને નળને નગરીનો મોહ છોડવા સમજાવે છે.

ધર્મ, કીર્તિ અને લક્ષ્મી ત્રણેય સમજાવવા આવે છે. લક્ષ્મી દ્યુતને પાપ ગણાવી પસ્તાવો કરે તો નળને રાજ્ય પાછું આપવાની વાત કરે છે. પરંતુ નળ આ વાતનો સ્વીકાર કરતો નથી. તે પોતાના સત્ થી રાજ્ય પાછું મેળવશે. નળને દ્યૂત રમતી વખતે મળેલ રોમાંચ હજી ગયો નથી. હારેલો જુગારી બમણું રમે એવી સ્થિતિ નળની થઈ છે. તેની પાસે ખાવા અન્ન નથી, પહેરવા વસ્ત્ર નથી, રહેવા ઘર નથી તેની પાસે હારવા જેવુ કશું નથી છતાં પણ તેની દ્યૂત રમવાની ઈચ્છા ત્યાગતો નથી. "ધર્મ સાથેના નળના સંવાદોમાંથી જે વાત પ્રગટ થાય છે તે એ કે નળને માણસ તરીકે જીવવું હતું-જીવવું છે પરંતુ તેના પર થોપી દેવાયેલા રાજવી તરીકેના નિયત આચારોથી તે ઉબાઈ ગયો છે- કંટાળી ગયો છે. ભાષામાં આવતી સંસ્કૃતમયતા આ ચિત્ત સંચલનોને કેવા અસરકારક રીતે અભિવ્યક્ત કરે છે."[૮]

નળ પોતાની ક્ષુધા તૃપ્ત પક્ષીને પકડવા માટે પોતાના એકમાત્ર વસ્ત્રનો પાશ બનાવે છે. પરંતુ તે પક્ષી તે વસ્ત્ર ઉપાડી જાય છે. ત્યારે તે માત્ર વસ્ત્રથી જ વિહોણો નથી થતો પરંતુ કીર્તિવિહોણો, ધર્મવિહોણો અને લક્ષ્મીવિહોણો થઈ જાય છે. નળને ધર્મ, કીર્તિ અને લક્ષ્મી સમજાવવા આવે છે પરંતુ નળ કોઈપણ ભોગે આડંબર છોડવા તૈયાર થતો નથી અને પતનને નોતરે છે અને પોતાના કર્મોના ફળ ભોગવવા નીકળી પડે છે.

"'નૈષધરાય'ના નળની સીધી તુલના મહાભારતના યુધિષ્ઠિર સાથે થઈ શકે છે. મહાભારતના યુધિષ્ઠિરના ઇન્દ્રપ્રસ્થને જોઈને જળ-સ્થળનો ભેદ ભૂલી જાય છે તેમજ યુધિષ્ઠિરનું સર્વસ્વ ઝૂંટવી લેવા દુર્યોધન તૈયાર થાય છે. તેવી રીતે અહીં પુષ્કર નળના કીર્તિ પ્રાસાદને નિહાળીને ઈર્ષાની પાપાગ્નિમાં બળ્યા કરે છે. મહાભારતના દ્યૂતમાં દુર્યોધનને શકુનિ મદદ કરે છે. જ્યારે અહી પુષ્કરને કળી મદદ કરે છે. મહાભારતના છળકપટથી યુધિષ્ઠિર હારે છે અને સર્વસ્વ ગુમાવે છે.જ્યારે અહીં નળ છળકપટથી દ્યૂત હારે છે અને સર્વસ્વ ગુમાવે છે. એ પ્રસંગને ધ્યાનમાં લઈને જ ધ્વનિલ પારેખ નોંધે છે કે "વ્યક્તિએ પોતાના વિકાસની સાથે સાથે એ જે પરિવેશમાં રહે છે એનો ખ્યાલ પણ એણે કરવો જોઈએ, પરિવેશના ભોગે એ જો પોતાનો વિકાસ કરે તો એણે નળની જેમ અન્ય ઈર્ષાના ભોગ બનવાનું આવે છે....."[૯]

સતીશ વ્યાસના મતે ચિનુ મોદીના નાટકની રચના કરવા માટેનો ઉદ્દેશ્ય માત્ર પ્રેમકથા આલેખવાનો નહોતો. પ્રણયની સાથે સાથે નળ એક રાજા તરીકે કયા કયા ઊણો ઉતરે છે તેના પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો છે માણસનું અસ્તિત્વ ટકાવવાની સાથે સાથે સ્વબળે જીવન જીવવાની મહત્તા નાટકના અંતે પ્રગટ કરી શક્યા છે. નળે પોતે દ્યૂત રમીને અપરાધ કર્યો છે એ અપરાધ એ સ્વીકારતો નથી એ તેની સ્વભાવગત પ્રકૃતિને શોભતું નથી. એકબાજુ તે દ્યૂત રમ્યાના અપરાધને કબૂલતો નથી તો બીજી બાજુ તે દ્યુતને લીધે આવેલ મુશ્કેલીઓનો હિમ્મતથી સ્વબળે સામનો કરે છે તો ત્રીજી બાજુએથી તે પોતાના ગુમાવેલા સત્વને પાછા મેળવવાના પ્રયત્નો કરે છે. આમ જોતાં લેખક પૌરાણીક પાત્ર દ્વારા આધુનિક માનવીના સામાન્ય લક્ષણોનો ઓપ પાઠકની સમક્ષ મૂકી શક્યા છે.

REFERENCES

[1] ભરત કાનાબાર, 'ચિનુ મોદીનું નાટ્ય સાહિત્ય', પ્ર.આ. ૨૦૦૯, પૃ.૧૨૯

[2] હિરેન જી. વિસાણી, 'લાભશંકર ઠાકર, ચિનુ મોદી, મધુરાય અને સતિશ વ્યાસના નાટકો : એક અધ્યયન', પૃ. ૨૧૩

[3] ચિનુ મોદી, 'નાટ્યવલિ', પ્ર.આ.૨૦૧૪, પૃ.૫૪૮

[4] ચિનુ મોદી, 'નાટ્યવલિ', પ્ર.આ.૨૦૧૪, પૃ.૫૪૮,૫૪૯
[5] ભરત કાનાબાર, 'ચિનુ મોદીનું નાટ્ય સાહિત્ય', પ્ર.આ. ૨૦૦૯, પૃ.૧૩૮
[6] ચિનુ મોદી, 'નાટ્યવલિ', પ્ર.આ.૨૦૧૪, પૃ.૫૬૩
[7] ભરત કાનાબાર, 'ચિનુ મોદીનું નાટ્ય સાહિત્ય', પ્ર.આ. ૨૦૦૯, પૃ.૧૪૭
[8] એજન, પૃ. ૧૪૫
[9] હિરેન જી. વિસાણી, 'લાભશંકર ઠાકર, ચિનુ મોદી, મધુરાય અને સતિશ વ્યાસના નાટકો : એક અધ્યયન', પૃ.૨૧૮